શ્રીનાથજીનાં ધજાજી


चित्रकार
दिनेश डी.
नाथद्वार

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

॥ શ્રીગોવર્ધનનાથો વિજયતે ॥

શ્રીનાથજીનાં ધજાજી

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

❋ પ્રકાશક ❋

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

SHRI NATHJI NA DHAJAJI
by Prof. Rameshbhai V. Parikh

© શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

પ્રાપ્તિસ્થાન :

- **શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ** (રૂબરૂ અને પોસ્ટથી)
  ૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
  મહેસાણા-૩૮૪ ૦૦૨
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
  ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
- **શ્રી વિજયભાઈ એમ. દેસાઈ** (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
  ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ :
પ્રથમ આવૃત્તિ : ફાગણ, વિ. સં. ૨૦૫૧ (માર્ચ-૧૯૯૫)
બીજી આવૃત્તિ : પોષ, વિ. સં. ૨૦૫૩ (ફેબ્રુઆરી-૧૯૯૭)
ત્રીજી આવૃત્તિ : માગશર, વિ. સં. ૨૦૫૬ (ડિસેમ્બર-૧૯૯૯)
ચોથી આવૃત્તિ : ચૈત્ર, વિ. સં. ૨૦૬૧ (એપ્રિલ-૨૦૦૫)
પાંચમી આવૃત્તિ : ચૈત્ર, વિ. સં. ૨૦૬૬ (માર્ચ-૨૦૧૦)

પુસ્તક પ્રકાશન સહાય : રૂા. ૧૫/-

મુદ્રક :
પુષ્ટિ પ્રિન્ટ્સ
C1/૬૩, જી.આઈ.ડી.સી., ફેઝ-૨, દેદિયાસણ, મહેસાણા.
ફોન : (૦૨૭૬૨) ૨૨૪૨૦૪

સર્વના શિરોમણિ શ્રીનાથજી

વિશ્વના કોઈ પણ ખૂણામાં વસનાર વૈષ્ણવના ઘરમાં શ્રીનાથજીનાં ચિત્રજી તો હોય જ.

વૈષ્ણવ હોય કે અવૈષ્ણવ, પણ '**વદનકમળ જોયું જેણે એક વાર**', એને કાયમની રઢ લાગી જાય છે -

'ચાલો તો શ્રીજી જઈએ રે, શ્રીમુખ સુંદર જોવાને.'

વૈષ્ણવ શ્રીજીની રઢ લાગે છે, તો સામા પક્ષે શ્રીજીને વૈષ્ણવની પણ એટલી જ રઢ લાગે છે -

'શ્રીજી મેરા ઐસા રસિયા, મુજને બોલાવે વહાલો ઘડી ઘડી.'

એને લઈને તો શ્રીનાથદ્વારા વૈષ્ણવોથી બારે માસ ભર્યુંભર્યું રહે છે!

'દૌડ દૌડ દરસનકું જાવે, ઝાપટ વાગે તડાતડી.'

દર્શનની ભીડમાં શરીર ભીંસાય, છાતી કચરાય, કોણીઓ અને ધક્કા વાગે; તોય દર્શનાર્થીના મુખ ઉપર આનંદ, નેત્રોમાં પ્રેમની પ્રસન્નતા અને હોઠ પર ગુણગાનની મધુરતા.

'મેરે તો શ્રીનાથજી પ્યારે દગનસું હો જુ મત ન્યારે.'

શ્રીનાથજીમાં એવું શું છે? ભક્તોએ કહ્યું : '**રસો વૈ સઃ**' - શ્રીનાથજી રસ રૂપ છે. શાનો રસ? કેવો રસ? વેદો કહે છે : આનંદરસ, પ્રેમરસ. '**આનંદકરપાદમુખોદરાદિ.**' શ્રીનાથજીનું અંગઅંગ આનંદ-પ્રેમ-રસનું બનેલું છે.

આવા પરમાનંદ-પૂર્ણાનંદ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન એટલે કૃષ્ણ. ભગવાન વેદ-વ્યાસજીએ કહ્યું : '**કૃષ્ણસ્તુ ભગવાન સ્વયં.**' કૃષ્ણ જ સ્વયં ભગવાન છે. પરમાત્મા એક-અનન્ય છે, એ જ કૃષ્ણ છે. બીજી બધી તો દેવસૃષ્ટિ છે - ભગવાનના અંશાવતારો છે, ભગવાનના દાસ છે.

આ જ ભગવાન, કૃષ્ણરૂપે પૃથ્વી પર પધાર્યા. ભક્તોનાં દુઃખ દૂર કર્યાં. ભક્તોને દિવ્ય સુખ-આનંદનું દાન કર્યું. ભક્તોના રક્ષણ કાજે એમણે સાત દિવસ શ્રી ગિરિરાજ ધારણ કર્યો. છ માસની રાત્રિ કરી રાસલીલા કરી.

એ લીલા તો થઈ સારસ્વતકલ્પના દ્વાપર યુગમાં. એક કલ્પ એટલે ચાર યુગ-સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપર યુગ અને કલિયુગ - નાં મળીને લાખો વર્ષોનો સમય. સારસ્વતકલ્પ પૂરો થયો. પછી આવ્યો શ્વેતવારાહ કલ્પ. એમાંય દ્વાપર યુગમાં કૃષ્ણાવતાર થયો; કારણ કે ભગવાનની પ્રતિજ્ઞા છે - **'સંભવામિ યુગે યુગે.'** હું દરેક યુગે અવતાર લઈશ. એમાંય શ્રીકૃષ્ણે ગોવર્ધનલીલા કરી, રાસલીલા કરી. હાલ શ્વેતવારાહ કલ્પનો છેલ્લો યુગ - કલિયુગ ચાલે છે. કલિયુગ મહા ભયંકર. અત્યંત ત્રાસદાયક, અધર્મપ્રેરક. ભક્તોનું રક્ષણ અને પોષણ કલિયુગમાં કોણ કરે?

મહર્ષિ ગર્ગાચાર્યજીએ **'ગર્ગસંહિતા'** રચી. હજારો વર્ષ પહેલાં એ રચાઈ. મહર્ષિઓ ભવિષ્યને જોઈ શકે, ભવિષ્ય ભાખી શકે. મહર્ષિ ગર્ગાચાર્યજીએ 'ગર્ગસંહિતા'ના 'શ્રીગિરિરાજખંડ'માં કલિયુગ માટે ભવિષ્ય ભાખ્યું : ભગવાન શ્રીકૃષ્ણ કલિયુગમાં પ્રગટ થશે! ક્યાં? ક્યારે? કેવી રીતે? ગર્ગાચાર્યજી નીચેના શ્લોકોમાં આ પ્રશ્નોનો વિગતવાર જવાબ આપે છે -

યેન રૂપેણ કૃષ્ણેન ધૃતો ગોવર્ધનો ગિરિઃ ।
તદ્રૂપં વિદ્યતે તત્ર, રાજન્, શૃંગારમણ્ડલે ॥

અબ્જાશ્ચતુઃ સહસ્રાણિ તથા પંચશતાનિ ચ ।
ગતાસ્તત્ર કલેરાદૌ ક્ષેત્રે શૃંગારમણ્ડલે ॥

ગિરિરાજ ગુહામધ્યાત્ સર્વેષાં પશ્યતાં નૃપ ।
સ્વતઃ સિદ્ધં ચ તદ્રૂપં હરેઃ પ્રાદુર્ભવિષ્યતિ ॥

શ્રીનાથં દેવદમનં ચ વદિષ્યન્તિ સજ્જનાઃ ।

અર્થાત્, ભગવાન શ્રીકૃષ્ણે જે સ્વરૂપે (ડાબો હસ્ત ઊંચો કરી) શ્રીગોવર્ધન પર્વતને ધારણ કર્યો હતો, તે સ્વરૂપ હાલ શૃંગારમંડળમાં (વ્રજમાં) (ગુપ્તરૂપે) બિરાજે છે-વિદ્યમાન છે. કલિયુગનાં ૪૫૦૦ વર્ષ પૂરાં થયા પછી, સર્વ મનુષ્યોના દેખતાં શ્રીહરિનું તે સ્વયંસિદ્ધ સ્વરૂપ શૃંગારમંડળ(વ્રજ)માં ગિરિરાજની કંદરામાંથી સ્વતઃ પ્રગટ થશે. એમને સજ્જનો શ્રીનાથ-દેવદમન કહેશે.

મહર્ષિ ગર્ગાચાર્યજીની આ ભવિષ્યવાણી અક્ષરશઃ સાચી પડી.

શ્રીનાથજીનું પ્રાકટ્ય :

વિક્રમ સંવત ૧૪૬૬ના શ્રાવણ મહિનાની શરૂઆતના દિવસોની વાત. શ્રીગિરિરાજજીની તળેટીમાં લગોલગ આન્યોર ગામ. ત્યાંના મુખી વ્રજવાસી બ્રાહ્મણની ગાય અનાયાસ સવાર-સાંજ દૂધ આપતી બંધ થઈ. મુખીને ગરીબ ગોવાળ પર શંકા પડી. ગોવાળ ગરીબ હતો, પણ પ્રામાણિક હતો. તેણે ગાયની તપાસ રાખી. એણે જોયું તો ટોળામાંથી છૂટી પડી, તે પર્વત પર સવાર-સાંજ ચડી જાય છે. પર્વતની એક ચોક્કસ શિલા ઉપર પગ પહોળા કરી ઊભી રહે છે. એના આંચળમાંથી આપોઆપ જ બધું દૂધ તે શિલા પર ઝરી જાય છે!

ગોવાળે મુખીને વાત કરી. અનુભવી વૃદ્ધોને લઈ મુખી પર્વત પર ગયા. વૃદ્ધોએ કહ્યું : 'પર્વતમાં કાં તો દેવ છે, કાં દ્રવ્ય છે. તો જ ગાય આવું કરે!' પર્વત પરની શિલા ખસેડતાં અંદર ગુફા. તેમાં શ્યામ સ્વરૂપ. તેમનો ડાબો હસ્ત ઊંચો. એ વામ ભુજાનાં સૌને દર્શન થયાં. તે જ વખતે આકાશવાણી થઈ : 'હું દેવદમન શ્રીગોવર્ધનનાથ છું. મેં જ ગિરિરાજ ધારણ કરીને વ્રજનું રક્ષણ કર્યું હતું. હું મારી ઇચ્છાથી બહાર આવીશ. ત્યાં સુધી તમે મારી વામ ભુજાની પૂજા કરો. તેને દૂધ, દહીંનો ભોગ ધરો.'

એ દિવસે હતો શ્રાવણ સુદ પાંચમ-નાગપંચમીનો.

વામ ભુજાની પૂજાનો સિલસિલો ચાલુ રહ્યો. સિત્તેરેક વર્ષ વીત્યાં. સં. ૧૫૩૫ના ચૈત્ર વદ એકાદશીનો દિવસ આવ્યો. મધ્યાહ્ન સમયે કેટલાક વ્રજવાસીઓના દેખતાં ગિરિરાજની એ ગુફામાં દિવ્ય પ્રકાશ ચમક્યો. તેમને એ સ્વરૂપના મુખારવિંદનું દર્શન થયું. દેવદમનના દર્શનથી સૌ હરખાયાં, પણ હજી દેવદમન બહાર નીકળવા રાજી ન હતા. એમને બહાર પધરાવનારની એ વાટ જોતા હતા. એમને બહાર પધરાવનાર મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી પણ તે જ સમયે ચંપારણ્યમાં પ્રકટ થયા હતા.

વળી બે દાયકા વીત્યા. શ્રીમહાપ્રભુજી પહેલી ભારતયાત્રા કરતા કરતા મારવાડમાં ઝારખંડમાં પહોંચ્યા હતા. ત્યાં શ્રીપ્રભુની આજ્ઞા થઈ : 'મને પર્વતમાંથી બહાર પધરાવો. મારી સેવા શરૂ કરો.'

યાત્રા અધૂરી મૂકી, શ્રીમહાપ્રભુજી વ્રજમાં પધાર્યા. સં. ૧૫૪૯ના વૈશાખ સુદ ત્રીજ-અક્ષયતૃતીયા-ના મંગલ દિને શ્રીનાથજીને ગિરિરાજમાંથી બહાર પધરાવ્યા. તેમની સેવા શરૂ કરી.

શ્રીનાથજીનું નવું ભવ્ય મંદિર :

દેવાધિદેવ, ત્રિલોકનાથ, કમલાપતિ શ્રીનાથજીને એક ભવ્ય મંદિરમાં બિરાજવાનું મન થયું. પંજાબમાં ક્ષત્રિય પૂરણમલ ઝવેરી ઘણા શ્રીમંત. સં. ૧૫૫૬માં શ્રીજીએ એમને સ્વપ્નમાં મંદિર-નિર્માણની આજ્ઞા કરી. તેઓ બધું દ્રવ્ય લઈ વ્રજમાં આવ્યા. શ્રીમહાપ્રભુજીને મળ્યા, સેવક થયા. મંદિરના નિર્માણની આજ્ઞા લીધી.

શ્રીજીએ બીજી આજ્ઞા કરી, સ્થપતિ શિલ્પી હીરામણિને આગ્રામાં. તેય મંદિરના નિર્માણ માટે આવ્યા. શ્રીમહાપ્રભુજીની સૂચના પ્રમાણેનો નકશો બનાવ્યો. શ્રીમહાપ્રભુજી સામે નકશો ખુલ્યો. નકશામાં હવેલી ચીતરેલી, તેના સ્થાને ધ્વજા, કળશ સહિતનો શિખરબંધ મંદિરનો નકશો! ત્રણ વખત નકશા દોર્યા; છતાં ત્રણે વખત નકશા રાતોરાત આપોઆપ બદલાઈ ગયા! જગતના નાથને મંદિરમાં બિરાજવું હતું! શ્રીમહાપ્રભુજીની આજ્ઞા મંદિર બાંધવાની મળી.

મંદિરનું નિર્માણકાર્ય શરૂ થયું. મંદિર અડધું બંધાયું ને દ્રવ્ય ખૂટી ગયું. પૂરણમલ ફરી વધુ દ્રવ્ય કમાવા ગયા. થોડાંક વર્ષ કામ બંધ રહ્યું. ફરી પૂરણમલ કમાઈને દ્રવ્ય લાવ્યા. મંદિર પૂરું થયું. સં. ૧૫૭૬ના વૈશાખ સુદ ત્રીજ, અક્ષય તૃતીયાના રોજ શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને નવા મંદિરમાં પધરાવ્યા.

એ મંદિરના શિખર પર કળશ હતો, ત્યાં સુદર્શન ચક્ર હતું. ધ્વજદંડ પર સાત ધજાઓ લહેરાતી હતી. દૂરદૂરથી એ ધજાઓનાં દર્શન સૌને થતાં.

શ્રી સૂરદાસજીએ કરેલું વર્ણન :

શ્રીસૂરદાસજી હિન્દી સાહિત્યના સૂર્ય. શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક. શ્રીનાથજીના સખા. એમને ચર્મચક્ષુ નહીં, પણ ચિત્તચક્ષુ ખુલેલાં. તેનાથી બધી અલૌકિક ઝાંખી કરે. જેવાં દર્શન, તેવું પદ રચે. શ્રીગિરિરાજથી થોડે દૂર ચંદ્ર સરોવર પાસે તેમની પર્ણકુટી. બપોર-રાત ત્યાં બેસે, પણ નજર મંદિર તરફ. ચિત્તચક્ષુથી મંદિરના શિખરને નીરખે અને શ્રીશ્યામશુંદરને સ્મરે. શિખરનાં દર્શને એક પદ પ્રકટ્યું :

દીઠૌ કલસ એક અપાર ।
સકલ બ્રજકો સાર, જા પેં મૃગરિપુનકી બાર ॥૧॥
ધર્યો ચક્ર સઁવારિ તા પર, વક્ર જાકી ધાર ।
પીત ધ્વજા ફરહાત તા પર, 'સૂર' બલિબલિ હાર ॥૨॥

શ્રીસૂરદાસજી કહે છે મેં એક અપાર, અવર્ણનીય, અદ્‌ભુત કળશ જોયો. સમુદ્રમંથન વખતે સમુદ્રમાંથી અમૃતકળશ પ્રાપ્ત થયો હતો, જે મોહિની-સ્વરૂપ પ્રભુના શ્રીહસ્તમાં શોભતો હતો. પ્રભુએ દેવોને તેનાથી અમૃતપાન કરાવ્યું હતું. અહીં મંદિરના શિખર ઉપર બિરાજમાન કળશ પેલા અમૃત-કળશથીયે અદ્‌ભુત છે, કારણ કે એમાં સ્વર્ગામૃત નથી, પ્રભુનું સ્વરૂપામૃત-રસામૃત છે; જે શ્રીરાધાજી આદિ વ્રજભક્તો માટે તો મોટી-મોંઘી 'મિરાત' (મિલકત) છે. શ્રીરાધાજી સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ સ્વયં મંદિરના શિખર ઉપર, ભક્તો કાજે એનું સ્થાપન કર્યું છે.

આ અલૌકિક ભાવાત્મક કળશ સકળ વ્રજના સાર-સત્ત્વરૂપ છે. વ્રજ એટલે નિર્વ્યાજ વહાલ. વ્રજભક્તો પર વ્રજનાથના વહાલનો રસ એમાં છે, તો વ્રજનાથ માટેના વ્રજભક્તોના નિષ્કામ વહાલનો રસ પણ એમાં ભળેલો છે. ભગવાન અને ભક્તના ઉભય માટેના પ્રેમરસથી એ કળશ ભરેલો છે; એથી એનું સારી રીતે રક્ષણ થવું જોઈએ.

જેમ અમૃતકળશ દાનવો ઝૂંટવીને લઈ ગયા, તેમ સંસારીઓ આ દિવ્ય સ્વરૂપામૃતનો કળશ હાથવગો ન કરી લે, તે માટે તેની ચોમેર વાડ કરવામાં આવી છે. એ વાડ મૃગના રિપુ-દુશ્મન એવા સિંહોની છે. એની ચોકી સિંહ-સ્વરૂપ શ્રીનૃસિંહજી કરી રહ્યા છે! શ્રીનૃસિંહજીએ જેમ પોતાનું સ્વરૂપદાન ભક્ત પ્રહ્લાદને કર્યું અને બીજા દેવો વગેરેને ડરાવી વેગળા રાખ્યા, તેમ આ સ્વરૂપામૃતના કળશનું દાન કેવળ પુષ્ટિભક્તોને જ મળે છે.

એ કળશની વિશેષ રક્ષા કાજે તેની સમીપમાં જ શ્રીમહાપ્રભુજીએ શ્રી સુદર્શન ચક્રનું સ્થાપન કર્યું છે. વક્ર (વાંકી) ધારવાળા ચક્રરાજ શ્રી સુદર્શન ભક્ત, ભક્તિ અને ભગવદ્રસની રક્ષા કરવા બિરાજમાન છે. એમનાં દૂરથી દર્શન થતાં ભક્તો પ્રસન્ન થાય છે; કારણ ચક્રરાજનું દર્શન સુ-દર્શન છે; જ્યારે અ-ભક્તો તો દૂરથી જ તેમનો તેજપ્રતાપ જીરવી ન શકતાં, ત્યાંથી જ ભાગી જાય છે.

ત્યાં પીળા રંગની સુંદર ધવજા ફરે છે. પીળો રંગ મંગળનું સૂચન કરે છે, આનંદ સૂચવે છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીના ધામમાં સદા આનંદ મંગલ છે. ત્યાં જનારના મનના સર્વ ક્લેશ દૂર થાય છે અને તેમનાં મન આનંદ મંગલથી છવાઈ જાય છે. વળી, વ્રજલીલામાં પીતવર્ણ શ્રીરાધાજીના શ્રીઅંગનો

વર્ણ છે. શ્રીરાધિકાનાથ પ્રભુ, તેથી જ, પીતાંબર ધારણ કરે છે. શ્રીરાધાજી એટલે દિવ્ય પ્રેમનું શિખર. **'ગોપી પ્રેમકી ધજા'**. પ્રીત ધ્વજા શ્રીરાધાજીનું ભાવાત્મક સ્વરૂપ છે. એ એવો ભાવ પણ દર્શાવે છે કે ભલે આ ધામ શ્રીનાથજીનું હોય, પણ એના પર સત્તા તો શ્રીરાધારાણીની છે. **'હમારે માઈ સ્યામાજુ કૌ રાજ.'** આવા અલૌકિક ભાવાત્મક દર્શન-અનુભવ પર શ્રી સૂરદાસજી વારંવાર બલિહારી જાય છે - ઓવારણાં લે છે.

અલૌકિક ભાવભાવના :

શ્રીમહાપ્રભુજીના મતે સેવામાં વપરાતા સર્વ પદાર્થો ભલે આપણી આંખથી જડ દેખાતા હોય, પરંતુ એ પદાર્થો વાસ્તવમાં તો વ્રજભક્તોનાં અલૌકિક દિવ્ય ભાવાત્મક સ્વરૂપો છે. તેમનામાં એ પ્રકારના ભાવની ભાવના કરવી. આવી ભાવનાના ચિંતનથી, આપણો ભગવાનમાં પ્રેમ વધે છે; એટલું જ નહીં, આપણો ભગવદ્‌ભાવ પુષ્ટ થાય છે.

આ સિદ્ધાંત મુજબ શ્રી સૂરદાસજીના ઉપરોક્ત પદનો ભાવ વિગતે વિચારવા જેવો છે : ભગવાન છ દિવ્ય ધર્મોયુક્ત ધર્મી સ્વરૂપ છે. તેમની સાથે તેમના ધર્મો પણ સ્વરૂપાત્મકરૂપે બિરાજે છે. ભગવન્મંદિર ગોલોકધામ છે. તેમાં ધર્મી-સ્વરૂપ રૂપ શ્રીજી બિરાજે છે.

તે ભગવન્મંદિર ઉપર જે કળશ છે, તે **'ઐશ્વર્ય'** ધર્મનું સ્વરૂપ છે. ભગવદ્રસ ભગવાનનું ઐશ્વર્ય છે.

સિંહની વાડ **'વીર્ય'** ધર્મનું સ્વરૂપ છે. તે કળશ આદિનું રક્ષણ કરે છે. શ્રીનૃસિંહજી વીર્ય સ્વરૂપ છે.

પીત ધ્વજા **'યશ'** ધર્મનું સ્વરૂપ છે. ધજા યશ ફેલાવે છે. ભક્તો ભગવાનનો યશ ફેલાવે છે.

સુદર્શન ચક્ર **'શ્રી'** ધર્મનું સ્વરૂપ છે. તે શ્રીપ્રભુના શ્રીહસ્તની શોભા છે.

ધ્વજદંડ **'જ્ઞાન'** ધર્મનું સ્વરૂપ છે. દૂર દૂરથી એનાં દર્શન થતાં જીવોને સંસારનો રાગ છોડી, ત્યાં પહોંચવાનું હૃદયમાં જ્ઞાન થાય છે.

શિખર **'વૈરાગ્ય'** ધર્મનું સ્વરૂપ છે. શિખરનું દર્શન સંસારનો રાગ ભુલાવે છે, શ્યામનાં ચરણોમાં સ્થિર થવા પ્રેરે છે. શિખરની નીચે બિરાજતા શ્રીજીમાં સ્નેહ કરાવે છે, અહંતા-મમતા છોડાવે છે.

આમ, ભગવાનના આ દિવ્ય છ ધર્મો, મંદિર ઉપર ભાવાત્મક સ્વરૂપે બિરાજમાન છે.

ધજાજીની સ્વરૂપ ભાવના :

શ્રીમહાપ્રભુજીના વંશમાં શ્રીકૃષ્ણાવતી વહુજી થઈ ગયાં. તેમણે શ્રી નાથજીના સ્વરૂપ અને મંદિરનું ભાવાત્મક વર્ણન કરતાં ઘણાં ધોળપદ રચ્યાં છે. તેમના એક પદમાં તેઓ શ્રીનાથજીના મંદિર પર ફરફરતાં સાત ધજાજીઓની સ્વરૂપ-ભાવના ગાય છે, જે નીચે પ્રમાણે છે-

સાખી : **સાત ધ્વજા સાત રંગની, સહુનાં જુદાં રૂપ;**
શુ સામર્થ્ય ગુણ વરણીએ, એ ભાવ છે અધિક અનૂપ.

ધોળ :

એક કળશ કહીએ શિખર ગિરિરાજ,
અરે દર્શન કરતાં સર્યાં સહુ કાજ.

અરે છપરા કહીએ ગોવર્ધન રૂપ,
અરે હાં રે ત્યાં બિરાજે ગોકુલ ભૂપ.

અરે મેઘશ્યામ ધ્વજા તે પ્રાણનાથ,
અરે પીળી પ્રાણપ્રિયાજીની સાથ.

અરે શ્યામ યમુનાજી મન મોહે,
અરે હાં રે શ્વેત ધ્વજા ચંદ્રાવલી સોહે.

અરે રાધા સહચરીજીની લીલાં રાજ,
અરે સોસની તે કહીએ ગિરિરાજ.

અરે અનુરાગ હરિ વ્રજબાલા,
અરે હાં રે જેણે વશ કીધા છે નંદલાલા.

આ પદમાં શ્રીનાથજીના મંદિર પરનું છાપરું તે શ્રીગિરિગોવર્ધન છે, તેના પરનો કળશ એ શ્રીગિરિરાજજીનું શિખર છે, એવા ભાવાત્મક સ્વરૂપનો અનુભવ છે.

આ સાત ધજાઓનાં સાત સ્વરૂપ નીચે પ્રમાણે છે :

(૧) મેઘશ્યામ ધજા - શ્રીનાથજીનો ભાવ
(૨) પીળી ધજા - શ્રીરાધાજીનો ભાવ

(૩) શ્યામ ધજા - શ્રી યમુનાજીનો ભાવ
(૪) સફેદ ધજા - શ્રી ચંદ્રાવલીજીનો ભાવ
(૫) લીલી ધજા - શ્રી રાધાસહચરીજીનો ભાવ
(૬) જાંબલી ધજા - શ્રી ગિરિરાજજીનો ભાવ
(૭) ગુલાબી ધજા - શ્રી ગોપીજનોનો ભાવ

વ્રજલીલામાં ગોપીજનોનાં મુખ્ય ચાર યૂથ છે. નિર્ગુણ, તામસ, રાજસ અને સાત્ત્વિક ભાવ પ્રમાણે આ ચાર યૂથ છે. દરેક યૂથનાં એક એક સ્વામિની છે. તેમના ભાવની એક એક ધજા છે. નિર્ગુણ યૂથનાં સ્વામિની શ્રીયમુનાજી. તામસ યૂથનાં સ્વામિની શ્રીરાધાજી. રાજસ યૂથનાં સ્વામિની શ્રીચંદ્રાવલીજી. સાત્ત્વિક યૂથનાં સ્વામિની શ્રીરાધાસહચરીજી. એ ચારના ભાવરૂપ ચાર ધજાઓ. પાંચમી સર્વ વ્રજભક્તોના ભાવરૂપ. છઠ્ઠી ધજા હરિદાસવર્ય શ્રીગિરિરાજજીના ભાવની. સાતમી શ્રીનાથજીના ભાવની. આમ, સાત ધજાઓ-સ્વરૂપે શ્રીનાથજી સકલ લીલાપરિકર સહિત મંદિરમાં બિરાજે છે અને વિશ્વમાં લહેરાય છે.

ભગવદીયોએ વિચારેલી અન્ય ભાવભાવનાઓ :

(૧) શ્રીનાથજી શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજી - શ્રીવલ્લભવંશના માથે બિરાજે છે. શ્રીગુસાંઈજીના સાત પુત્ર. સાત પુત્રનાં સાત ઘર. શ્રીનાથજી સાથેય ઘરના સેવ્ય. એ ભાવથી સાથ ધજાઓ છે.

(૨) શાસ્ત્રના મતે આંકડાઓનું પણ આધ્યાત્મિક સ્વરૂપ છે. એ રીતે પુષ્ટિમાર્ગમાં સાતના આંકનું વિશિષ્ટ સ્વરૂપ અને સ્થાન છે -

(ક) શ્રીનાથજી ધર્મીસ્વરૂપ. તેમના છ ધર્મ. ધર્મી-ધર્મ મળી કુલ સાત.
(ખ) શ્રીગુસાંઈજીના લાલ સાત.
(ગ) સાત લાલનાં સેવ્ય સ્વરૂપ સાત.
(ઘ) શ્રીનાથજીની વેણુનાં છિદ્ર સાત.
(ચ) શ્રીકૃષ્ણે ગોવર્ધન ધારણ કર્યો, ત્યારે તેમની ઉંમર સાત વર્ષની.
(છ) તેમણે સાત દિવસ ગોવર્ધન ધારણ કર્યો.
(જ) શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીના નામાત્મક સ્વરૂપ શ્રીમદ્ભાગવતનો સાત પ્રકારે અર્થ કર્યો.

(ઝ) પ્રાણીમાત્રનાં રક્ષણ સાત તત્ત્વો - દેવ, ઋષિ, પિતૃ, આત્મા, પુત્રાદિક, દૈહિક, પારલૌકિક. ઇન્દ્રના કોપ વખતે આ સાત પૈકી કોઈએ વ્રજ ને વ્રજભક્તોની રક્ષા ન કરી. રક્ષા કરી શ્રીનાથજીએ; તેથી તેમનાં સાત ધજાજી સૂચવે છે કે આ સાતેય તત્ત્વોનો આશ્રય અન્યાશ્રય છે. તે છોડી કેવળ શ્રીનાથજી પર વિશ્વાસ રાખો. તેમનો જ અનન્ય આશ્રય કરો. તેનાથી જ નિર્ભય બનાશે.
(ટ) સ્વર્ગ સાત છે, પાતાળ સાત છે.
(ઠ) સંગીતના સૂર સાત છે.
(ડ) આધ્યામિક જ્ઞાન આપનારા ઋષિઓ સાત છે.
(ઢ) શ્રીનાથજીનો પાટોત્સવ મહા વદ સાતમનો આવે છે.
(ણ) પંચમહાભૂત શરીર, અંતઃકરણ અને આત્મા મળી સાત થાય.
(ત) લગ્નની સપ્તપદીમાં પણ સાતનો આંક.
(થ) અઠવાડિયાના વાર સાત.

ધજાજીનાં ત્રણ સ્વરૂપ :

શ્રીમહાપ્રભુજી **'સિદ્ધાંત-મુક્તાવલી'** ગ્રંથમાં સમજાવે છે કે પુરુષોત્તમ ભગવાન ત્રણ સ્વરૂપે બિરાજે છે : (૧) આધિભૌતિક સ્વરૂપ (૨) આધ્યાત્મિક સ્વરૂપ (૩) આધિદૈવિક સ્વરૂપ. આપણી આંખોથી જે સ્વરૂપને જોઈ શકાય, તે આધિભૌતિક સ્વરૂપ. જેમનાં શક્તિ- સામર્થ્યનો મનબુદ્ધિથી અનુભવ કરી શકાય, તે આધ્યાત્મિક સ્વરૂપ. જે સાક્ષાત્ દિવ્ય અલૌકિક સ્વરૂપ દિવ્ય ચક્ષુથી નીરખી શકાય તે આધિદૈવિક સ્વરૂપ.

ભગવાનમાંથી પ્રગટ થયેલું જગત ભગવાનનું આધિભૌતિક સ્વરૂપ છે. તેના દરેક રૂપ અને નામમાં, કણકણમાં ભગવાન રહેલા છે. જગતને આપણી આંખોથી જોઈ શકીએ છીએ. ભગવાનમાં અપરંપાર ગુણો અને શક્તિઓ છે. તેમની મુખ્ય શક્તિ કૃપા છે. જીવના ગુણદોષ ધ્યાનમાં લીધા વિના જ કૃપાસાગર પ્રભુ કૃપાનો વરસાદ વરસાવે છે. તેઓ કરવાં જેવું તો બધું જ કરે છે, બીજા ન કરી શકે અથવા ન કરે એવું પણ તેઓ કરે છે. દુનિયાની નજરે જે ન કરવા જેવું હોય એવું પણ તેઓ કરે છે. તેમનું આ કૃપા-સામર્થ્ય તેમનું આધ્યાત્મિક સ્વરૂપ છે. તેનો અનુભવ થઈ શકે છે, પણ તે સ્વરૂપનાં દર્શન

થઈ શકતાં નથી. સાક્ષાત્ શ્રીઠાકોરજી ચતુર્ભુજ અથવા દ્વિભુજ સ્વરૂપે પ્રગટ થઈ દર્શન આપે તે તેમનું આધિદૈવિક સ્વરૂપ. આ આધિદૈવિક સ્વરૂપનો અનુભવ તો કોઈ મહાભાગ્યશાળી જીવને જ થાય. સર્વને એ સ્વરૂપનાં દર્શન સુલભ હોતાં નથી. પરંતુ આધ્યાત્મિક સ્વરૂપ જીવનમાં પદેપદે કૃપાના રૂપમાં અનુભવાય છે. તેના ફળરૂપે જગતના દરેક નામરૂપમાં પણ ભગવાન બિરાજે છે, એવો દઢ ભાવ જાગે છે. આવો સર્વાત્મભાવ જાગતાં ભગવાનના આધિભૌતિક સ્વરૂપ જગતમાં સર્વત્ર જગદીશનો અનુભવ અનેક જીવોને થાય છે.

શ્રીહરિરાયજી 'શિક્ષાપત્ર'માં આજ્ઞા કરે છે કે -

મૂર્તૌ ભગવતો દૃષ્ટિ-ર્ભાવ્યા તત્તસ્ય દર્શનમ્ ।
સ્પર્શસ્તત્રૈવ ભાવેન, સર્વાસ્તત્રૈવ તત્ક્રિયાઃ ॥

અર્થાત્, આપણા ઘરમાં કે મંદિરમાં શ્રીઠાકોરજીનું સ્વરૂપ, મૂર્તિ કે ચિત્રના રૂપમાં બિરાજે છે; તેમાં શ્રીઠાકોરજી સાક્ષાત્ આધિદૈવિક સ્વરૂપે બિરાજે છે એવી દૃષ્ટિ રાખવી, એવો દઢ વિશ્વાસ રાખવો. એવા ભાવથી જ તેમનાં દર્શન કરવાં, તેમની સેવા કરવી, તેમનો સ્પર્શ કરવો. તેમની સાથે એ જ ભાવથી સર્વ પ્રકારે વ્યવહાર કરવો.

આ સિદ્ધાંતનાં અનેક ઉદાહરણો ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓમાં આપણને જોવા મળે છે. તે વૈષ્ણવો શ્રીઠાકોરજીના મૂર્તિ-સ્વરૂપ, વસ્ત્ર- સ્વરૂપ, પાદુકા-સ્વરૂપ, વાલુકા-સ્વરૂપ, હસ્તાક્ષર-સ્વરૂપ પૈકીના કોઈક સ્વરૂપની સેવા કરતા હતા. પ્રેમ અને આસક્તિપૂર્વક સેવા કરતાં-કરતાં, તેમના માથે બિરાજતું સ્વરૂપ સાક્ષાત્ પ્રભુ છે, એવો ભાવ દઢ થતાં તે સ્વરૂપમાંથી જ પ્રભુ પ્રત્યક્ષ પ્રગટ થઈ, તેમને સાનુભવ કરાવતા હતા. આજ સુધી અનેક વૈષ્ણવોનો આ અનુભવ રહ્યો છે.

આ જ સિદ્ધાંત પ્રમાણે શ્રીનાથજીનાં ધજાજી પણ ત્રણ સ્વરૂપે બિરાજે છે. તેમનાં ત્રણેય સ્વરૂપોને આપણે સમજીએ :

(૧) આધિભૌતિક સ્વરૂપ :

શ્રીનાથજીના મંદિર પર ફરકતાં ધજાજીનાં દર્શન આપણી આંખોથી આપણે કરી શકીએ છીએ. આપણા હાથથી તેમને સ્પર્શ કરી શકીએ છીએ. તે શ્રીધજાજીનું આધિભૌતિક સ્વરૂપ છે.

દુનિયાના દરેક દેશને તેનો રાષ્ટ્રધ્વજ હોય છે. રાષ્ટ્રધ્વજ તે રાષ્ટ્રનું આધિભૌતિક સ્વરૂપ છે, પ્રતીક છે. તેથી રાષ્ટ્રદેવતાનું જેટલું માન અને ગૌરવ જાળવવામાં આવે, તેટલું માન અને ગૌરવ તે દેશનો દરેક નાગરિક તેના રાષ્ટ્ર ધ્વજનું સાચવે છે. સૌ તેને સલામી આપે છે-વંદન કરે છે. શૂરવીર સૈનિકો અને દેશભક્ત નાગરિકો પોતાના પ્રાણના ભોગે રાષ્ટ્રધ્વજનું રક્ષણ કરે છે. રાષ્ટ્રધ્વજ માત્ર કાપડનો મામૂલી ટુકડો નથી.

પ્રાચીન સમયમાં નાનાં-મોટાં રાજ્યો હતાં. દરેક રાજ્યને અને રાજાને પોતપોતાનો જુદો જુદો ધ્વજ હતો. યુદ્ધમાં રથ ઉપર તે ધ્વજ ફરકતો. રાજમહેલની ટોચે પણ તે ધ્વજ ફરકતો. રાજા અને પ્રજા તેને માન આપતાં.

તે સમયમાં રાજાઓના લગ્ન માટે એવો રિવાજ હતો કે રાજા પોતે લગ્ન કરવા ન જતા. તેમનું ખાંડું (તલવાર) મોકલવામાં આવતું. ખાંડા સાથે રાજકન્યાનાં વિધિ અને સન્માનપૂર્વક લગ્ન થતાં. ખાંડું રાજાનું પ્રતીક હતું.

કર્મમાર્ગમાં પૂજા-ઉપાસના માટે દેવદેવીનાં પ્રતીકોનો સ્વીકાર કરવામાં આવે છે. કુંભ, શ્રીફળ, તાંબાના પતરા ઉપર દોરેલું યંત્ર, સોપારી વગેરેમાં દેવદેવીનું આહ્વાહન કરી, તે દેવદેવી તરીકે તેમનું પૂજન થાય છે.

આપણા પુષ્ટિમાર્ગમાં શ્રીનાથજી આપણું સર્વસ્વ છે. રાષ્ટ્ર માટે રાષ્ટ્રધ્વજ પવિત્ર અને સન્માનનીય છે, તેમ દરેક સંપ્રદાયનો ધર્મધ્વજ તે સાંપ્રદાયના ઇષ્ટદેવ જેટલો જ પવિત્ર અને પૂજનીય છે. ઇષ્ટદેવ સાથે જેવો શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમથી વ્યવહાર થાય, એવો જ વ્યવહાર ધર્મધ્વજ સાથે થાય છે. શ્રીનાથજીનાં ધજાજી પુષ્ટિમાર્ગનો ધર્મધ્વજ છે, શ્રીનાથજીનું જ આધિભૌતિક સ્વરૂપ છે.

પ્રાચીન સમયથી લઈને આજ સુધી અનેક વૈષ્ણવોએ શ્રીનાથજીનાં ધજાજીને શ્રીનાથજી સ્વરૂપે સેવ્યાં છે.

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના સમયમાં શ્રીનાથજીની સેવામાં રોકાયેલા વૈષ્ણવો સેવા પહોંચીને તેમના મુકામે આવી, રસોઈ બનાવી, શ્રીનાથજીનાં ધજાજીને ભોગ ધરીને ભોજન કરતા. એ રીતે તેઓ અસમર્પિતના ઉપયોગના દોષથી બચતા. સૂતક વગેરે અશુદ્ધિના સમયમાં શ્રીનાથજીના મંદિરમાં જઈને તેમનાં દર્શન ન થાય, ત્યારે કુંભનદાસજી આદિ વૈષ્ણવો ગોવિંદકુંડ પર બેસી, શ્રીનાથજીનાં ધજાજીનાં દર્શન કરતા. શ્રીનાથજી વ્રજમાંથી

મથુરા પધાર્યા, ત્યારે ચતુર્ભુજદાસજીએ પણ આ જ રીતે ગોવિંદકુંડ પર બેસી, શ્રીધજાજીનાં દર્શન કરતાં-કરતાં દરરોજ **'શ્રીગોવર્ધનવાસી સાઁવરે લાલ'** પદનું ગાન કર્યું હતું; તેનાથી તેમનો દેહ ટક્યો હતો.

પઠાણ યુવાન રસખાન દિલ્હીના એક વૈષ્ણવ પાસેથી શ્રીનાથજીનાં ચિત્રનાં દર્શન કરી, સ્વરૂપાસક્ત થઈ, વ્રજમાં આવ્યા. તેમને મુસલમાન જાણી શ્રીનાથજીના મંદિરમાં પ્રવેશ ન મળ્યો, ત્યારે તેઓ પણ ગોવિંદકુંડ ઉપર બેસી, એ ધજાજીનાં દર્શન કરતા હતા. તેમણે જોયું કે એક પ્રતિભાશાળી પુરુષ ઘોડેસવાર થઈ, તેમની દિશામાં આવી રહ્યા છે. તેમની દૃષ્ટિ સતત એ ધજા પર જ છે. તેમને ખાતરી થઈ કે તેઓ ચોક્કસ શ્રીનાથજીના સ્નેહી જ હોવા જોઈએ. તેઓ બીજા કોઈ નહીં, પરંતુ શ્રીગુસાંઈજી સ્વયં હતા. શ્રીગુસાંઈજીએ રસખાનને સેવક કરી, શ્રીનાથજીનાં દર્શન કરાવ્યાં.

સૂરદાસજી, કુંભનદાસજી આદિ ભગવદીયો તેમની અંતિમ ક્ષણોમાં ધજાજીનાં દર્શન કરતાં સૂઈ રહ્યા હતા. આમ, સૌ વૈષ્ણવો આજ સુધી જે શ્રદ્ધા અને ભાવથી શ્રીનાથજીનાં દર્શન કરે છે અને ભોગ ધરે છે, એ જ ભાવથી શ્રીધજાજીનાં દર્શન કરે છે, તેમને ભોગ ધરે છે, તેમના ચરણસ્પર્શ કરી તેમને સાષ્ટાંગ દંડવત કરે છે.

શ્રીનાથજીને રાજભોગ અંગીકાર કરાવનાર વૈષ્ણવોને પરંપરાથી રાજભોગનાં દર્શન બાદ શ્રીનાથજીનાં ધજાજી ચઢાવવાની, તેમને ભોગ ધરવાની, એ ધજાજી પોતાના હાથમાં લઈ નેત્રો અને હૃદય સાથે લગાડવાની સેવા પ્રાપ્ત થાય છે. વૈષ્ણવો હોંશથી અને ભાવથી શ્રીધજાજીની સેવા કરે છે; કારણ કે શ્રીધજાજી શ્રીનાથજીનું જ સ્વરૂપ છે.

(૨) આધ્યાત્મિક સ્વરૂપ :

જેમ જળરૂપા ગંગાજીમાં પાપીઓનાં પાપ ધોવારૂપી તેમનું આધ્યાત્મિક સ્વરૂપ બિરાજે છે, તેમ શ્રીનાથજીનાં ધજાજીમાં શ્રીનાથજીના સર્વ ગુણો અને સામર્થ્ય બિરાજમાન છે. શ્રીનાથજીનું સઘળું માહાત્મ્ય શ્રીધજાજીમાં બિરાજે છે. તેથી જે ફળ શ્રીનાથજીનાં દર્શનથી મળે, તે જ ફળ શ્રીધજાજીનાં દર્શનથી પણ અવશ્ય પ્રાપ્ત થાય છે. જેમ શ્રીનાથજીને ધરેલો ભોગ શ્રીમહાપ્રભુજીની કાનિથી શ્રીનાથજી સ્વયં તેમના શ્રીહસ્તથી પ્રસન્ન મુખે આરોગે છે, તેમ શ્રીધજાજીને ધરેલો ભોગ પણ શ્રીનાથજી જ સાક્ષાત્ આરોગે છે.

શ્રીગુસાંઈજીને શ્રીનાથજીની સેવાનો છ માસ માટે પ્રતિબંધ થયો, ત્યારે તે વિરહના દિવસોમાં શ્રીગુસાંઈજી ચંદ્રસરોવર ઉપર છ મહિના બિરાજ્યા હતા. ત્યાંથી શ્રીનાથજીનાં ધજાજીનાં દર્શન કરતાં કરતાં, તેમણે શ્રીનાથજીને વિજ્ઞપ્તિઓ લખી હતી. શૂદ્ર જાતિના મોહના ભંગી જેવા ભક્તો પણ દરરોજ નિયમથી શ્રીનાથજીનાં ધજાજીનાં દર્શન કરતા.

શ્રીનાથજી અને શ્રીસ્વામિનીજી બંનેના જમણા ચરણારવિંદમાં એક ચિહ્ન ધજાનું છે. શ્રીયુગલ-સ્વરૂપનાં ચરણકમળોમાં કુલ ૧૬ અલૌકિક ચિહ્નો છે. એનો ભાવ શ્રીહરિરાયજીએ **'ભગવચ્ચરણારવિંદ ચિહ્નવર્ણનમ્'** ગ્રંથમાં સમજાવ્યો છે :

યત્રાનુગ્રહવાન્ સ તત્સંમુખમેતદાયાતિ ।
ઇતિ વિજ્ઞાતું ધ્વજમિહ ધત્તે વિમુખે સદા વિમુખમ્ ॥

અર્થાત્, પ્રભુ જે ભક્ત ઉપર કૃપા કરે છે, તેવા ભક્તની સામે પ્રભુનાં ચરણારવિંદ ચાલીને પધારે છે. એનું સૂચન કરવા માટે શ્રીનાથજી પોતાના ચરણારવિંદમાં ધજાનું ચિહ્ન ધારણ કરે છે. જે જીવો પ્રભુથી વિમુખ થાય છે, તેમનાથી પ્રભુનું આ ચરણકમળ પણ વિમુખ થાય છે.

શ્રીમહાપ્રભુજી **'શ્રીસુબોધિનીજી'**માં પ્રભુના ચરણકમળમાં બિરાજતા ધ્વજના ચિહ્નનો ભાવ નીચે મુજબ બતાવે છે :

'ધ્વજસ્ય સ્થાપનં ભક્તાનામ્ નિર્ભયવાસાર્થમ્.'

— ચરણકમળમાં ધ્વજનું સ્થાપન ભક્તોને અભયદાન આપવા માટે છે.

એક ભગવદીય તેમના પદમાં ધ્વજના ચરણચિહ્નની ભાવના નીચે મુજબ બતાવે છે :

ષષ્ઠ ચિહ્ન જો ધ્વજા બિરાજે, ભક્તજનકે ભય હરે,
શિષ બાંધે નિઃશંક ડોલે, અરુ હૃદય બિચ ફરહરે.

અર્થાત્, પ્રભુના ચરણકમળમાં છઠ્ઠું ચિહ્ન ધજાજીનું છે. તે ભક્તોના ભયને હરે છે. તેને ધારણ કરનાર સદા કલ્યાણ પ્રાપ્ત કરે છે, પ્રભુ તેનું અવશ્ય રક્ષણ કરે છે અને તેના હૃદયમાં બિરાજે છે.

શ્રીસ્વામિનીજીના ચરણકમલમાં રહેલ ધજાજીનું ચિહ્ન ભક્તોનો સદા-સર્વદા વિજય કરાવે છે.

આમ, શ્રીધજાજીમાં ભક્તોને અભય આપી, તેમનું રક્ષણ કરવાનું અને ભક્તોનો સર્વ પ્રકારે વિજય કરાવવાનું સામર્થ્ય છે. એ ધજાજી ભગવાનને ભક્તની પાસે પધરાવી લાવી, ભક્ત તથા ભગવાનનો મેળાપ કરાવી દે છે.

શ્રીહરિરાયજીએ હોળીખેલની ભાવનાનો ગ્રંથ રચ્યો છે. તે મુજબ વ્રજમાં શ્રીઠાકોરજી હોળી ખેલે છે, ત્યારે હોળીદંડા ઉપર ધજાનું આરોહણ કરે છે. સૌ ભક્તો પણ પોતપોતાની ધજા રોપે છે. એ ધજાને રક્ષવા માટે સૌ તત્પર રહે છે.

શ્રીઠાકોરજી રથયાત્રાના દિવસે રથમાં બિરાજે છે, ત્યારે તેમના રથ ઉપર પણ તેમનો ત્રિલોકમાં વિજય સૂચવતી ધજા ફરજે છે. પીળી ધજાનાં દર્શન કરતાં એવો ભાવ જાગે છે કે શ્રીઠાકોરજી શ્રીનાથજી તેમના પીતાંબરનો છેડો હવામાં લહેરાવી, નિજભક્તોને બોલાવી રહ્યા છે!

આ શ્રીધજાજીનું આધ્યાત્મિક સ્વરૂપ છે.

(૩) આધિદૈવિક સ્વરૂપ :

શ્રીનાથજીનાં ધજાજીનું આધિદૈવિક સ્વરૂપ એટલે સાક્ષાત્ કોટિકંદર્પ-લાવણ્ય શ્રીનાથજીબાવા પોતે જ. ઘણા વૈષ્ણવો સ્વગૃહે શ્રીજીબાવાનાં પ્રસાદી વસ્ત્ર પધરાવી, શ્રીજીબાવાના ભાવથી સેવા કરે છે. એવી જ રીતે એમનાં ધજાજીની પણ સેવા થાય છે. તેમને વિધિસર ભોગ ધરાય છે, આરતી કરાય છે, ભેટ કરાય છે, દંડવત કરાય અને ચરણસ્પર્શ પણ કરાય છે. શ્રીનાથજી-બાવા જેમના પર કૃપા કરે, તેમને શ્રીધજાજીમાં પોતાના દિવ્ય સ્વરૂપનો અનુભવ આજે પણ કરાવે છે.

શ્રીધજાજીની પરિક્રમા-પ્રદક્ષિણા :

પરિક્રમા-પ્રદક્ષિણા એટલે ભગવદ્સ્વરૂપ-ભગવદ્ધામ-તીર્થ આદિ તરફ આપણો જમણો હાથ સતત રહે, તે રીતે તેમની ચોપાસ પગથી ચાલીને ફરવું. શાસ્ત્રોના મત મુજબ, પરિક્રમા કરવાથી પદે પદે જન્માંતરનાં ભેગાં થયેલાં પાપ ક્ષીણ થાય છે અને આપણે પવિત્ર બનીએ છીએ.

પરિક્રમા એક, ત્રણ, પાંચની સંખ્યામાં ભાવિકજનો શ્રદ્ધાથી યથાશક્તિ ચાલીને અથવા દંડવત કરતાં કરતાં કરે છે. આપણા પુષ્ટિમાર્ગમાં શ્રીગિરિ-રાજની અને વ્રજભૂમિની પરિક્રમા કરવાનો મોટો મહિમા અને પરંપરા છે.

એક સાથે ત્રણ પરિક્રમા કરવાથી પ્રકૃતિજન્ય સાત્ત્વિક, રાજસ, તામસ ગુણો દૂર થઈ, જીવ ભગવદ્ભાવપૂર્ણ નિર્ગુણ બને છે. પાંચ પરિક્રમાથી શરીરના પંચમહાભૂતના દોષો અને પાંચ પ્રકારની શબ્દ, સ્પર્શ, રૂપ, ગંધ અને રસ-સભર વિષયવાસનાઓ નાશ પામતાં જીવ પ્રભુને લાયક - શુદ્ધ બને છે. ઘણા વૈષ્ણવો ૧૦૮ પરિક્રમા પણ કરે છે.

શ્રીનાથજીનાં ધજાજી જ્યાં બિરાજતાં હોય - શ્રીગિરિરાજજી પર, શ્રી-નાથદ્વારાના મંદિર પર - ત્યાં વૈષ્ણવો આવા ભાવથી પરિક્રમા કરે છે.

શ્રીનાથજીનું વ્રજમાંથી મેવાડ પધારવું :

પૂરણમલની સેવાથી સિદ્ધ થયેલા મંદિરમાં શ્રીજીબાવા ઘણાં વર્ષ સુધી બિરાજ્યા. શ્રીવલ્લભકુળ, વ્રજવાસીઓ અને વૈષ્ણવોને ઘણા સુખનું દાન કર્યું. શ્રીજીબાવા ભક્તો માટે પ્રકટ થયા છે, ભક્ત મનોરથપૂરક છે.

શ્રીગુસાંઈજીનાં સેવક હતાં અજબકુંવરબાઈ. રાજસ્થાનના નાનકડા મેડતા નામના રજવાડાની રાજકુંવરી. મીરાંબાઈના સગા કાકાની દીકરી-બેન. પરણ્યાં પણ ઉદયપુરના રાજઘરાનામાં મીરાંબાઈના દિયર સાથે. બે બેનો દેરાણી-જેઠાણી બની. બંને કૃષ્ણભક્ત, પણ ભક્તિના રાહ બંનેના જુદા. અજબકુંવરબાઈ પુષ્ટિભક્ત, મીરાંબાઈ મર્યાદાભક્ત.

અજબકુંવરબાઈની ભક્તિથી પ્રસન્ન થઈ, શ્રીનાથજી રોજ બપોરે રથમાં બિરાજી, વ્રજથી મેવાડ-સિંહાડ ગામમાં અજબબાઈના ઘેર ચોપાટ રમવા પધારતા. એમની વિનંતી સ્વીકારી શ્રીનાથજીએ સિંહાડમાં એમના ઘરમાં સદા માટે બિરાજવાનું વચન પણ આપેલું. એ વચન પાળવા શ્રીનાથજીએ સં. ૧૭૨૮માં ઔરંગઝેબના હુમલાને બહાનું બનાવી, વ્રજ છોડ્યું.

સં. ૧૭૨૮માં શ્રીનાથજી મેવાડમાં પધાર્યા. શ્રીનાથજીનો રથ સિંહાડ ગામમાં એક પીપળના વૃક્ષ નીચે આવેલા એક મકાન પાસે અટક્યો.

રથની સાથે શ્રીગુસાંઈજીના સેવક અને શ્રીનાથજીનાં અતિ કૃપાપાત્ર વૈષ્ણવ ગંગાબાઈ હતાં. શ્રીનાથજીએ ગંગાબાઈને આજ્ઞા કરી કે 'આ ઘર અજબકુંવરબાઈનું છે, અહીં હું તેમની સાથે રોજ ચોપાટ રમવા આવતો હતો. મેં તેમને વચન આપ્યું હતું કે ભવિષ્યમાં હું તમારા ઘેર બિરાજીશ. તેથી રથ અહીં અટક્યો છે; માટે મને અહીં પધરાવો.'

શ્રીનાથજીની આજ્ઞા પ્રમાણે તેમને ત્યાં પધરાવ્યા. આ સમાચાર અજબ કુંવરબાઈને ઉદયપુરમાં મળ્યા. તે વખતે અજબકુંવરબાઈની ઉંમર ૧૩૫ વર્ષની હતી; છતાં તેઓ ખૂબ આનંદ સાથે સિંહાડ આવી પહોંચ્યાં.

શ્રીનાથજીની આજ્ઞા પ્રમાણે ત્યાં જ મંદિર સિદ્ધ થયું. ચાર ચોકનું વિશાળ ભવ્ય મંદિર બન્યું. પરંતુ શ્રીનાથજી તો અજબકુંવરબાઈના નળિયાના છાપરાવાળા ઘરને જ નિજમંદિર બનાવી બિરાજ્યા. આજે પણ ત્યાં જ બિરાજે છે. આથી ભક્તોએ ગાયું, **'ચાર ચાકકો મંદિર બનાયો, આપ બિરાજે છપ્પર તરી.'**

શ્રીનાથદ્વારાના શ્રીનાથજી મંદિરમાં શ્રીનાથજીના નિજમંદિરના છાપરા ઉપર કળશ, શ્રીસુદર્શન ચક્રજી, સિંહની વાડ અને ધ્વજદંડ ઉપર સાત ધજાજી બિરાજે છે. માત્ર ત્યાં શિખર નથી.

શ્રીનાથજીના ધ્વજારોહણનો ઇતિહાસ :

ઔરંગઝેબના ઝનૂનને કારણે વ્રજ છોડી, શ્રીનાથજી આ પ્રમાણે વિ. સં. ૧૭૨૮માં મેવાડ પધાર્યા. ૧૩૦ વર્ષ સુધી પ્રસન્નતાથી બિરાજ્યા. વિ. સં. ૧૮૫૮માં મરાઠા સરદાર હોલકરના લશ્કરે ચોથ ઉઘરાવવા માટે મેવાડ ઉપર આક્રમણ કર્યું. તે સમયે શ્રીનાથજી ઉદયપુર અને નાથદ્વારા વચ્ચે આવેલા ઘસ્યાઢ નામના ગામમાં પધાર્યા. ત્યાં ચારેબાજુ નાથદ્વારાની જેમ અરવલ્લીની વિકટ પર્વતમાળાઓ અને ગાઢ વન હતું. સંરક્ષણની દૃષ્ટિએ તે સલામત સ્થળ હતું. ત્યાં તાબડતોબ શ્રીનાથજી માટે મંદિર બન્યું; જે શ્રીનાથદ્વારાના મંદિરની પ્રતિકૃતિ હતું. (આજે પણ ત્યાં એ મંદિર છે, જેમાં શ્રીનાથજીનાં ચિત્રજી બિરાજે છે અને તેમની સેવા થાય છે. નાથદ્વારાથી ખિમનોર થઈ, હલદીઘાટીના રસ્તે ઉદયપુર તરફના માર્ગે ઘસ્યાઢ આવેલું છે. તે દર્શનીય સ્થાન છે.) શ્રીનાથજી ત્યાં ૨૦ વર્ષ બિરાજ્યા. મેવાડમાં ફરી શાન્તિ સ્થપાઈ; એટલે શ્રીનાથજીને ફરી શ્રીનાથદ્વારામાં પધરાવ્યા. તે સમયના તિલકાયત શ્રી દામોદરજી મહારાજ (દ્વિતીય) હતા. તેઓ શ્રીદાઉજી મહારાજના નામે પ્રસિદ્ધ હતા. તેમણે સં. ૧૮૭૮માં શ્રીનાથજીને છપ્પનભોગ આરોગાવવાનો મનોરથ કર્યો. આપશ્રીએ વૈષ્ણવોને દર્શન કરવા આવવા, ગામેગામ આમંત્રણ મોકલ્યાં.

તે સમયે આજના જેવા પાકા રસ્તા ન હતા. વાહન-વ્યવહારની આજના જેવી સગવડો પણ ન હતી. તેથી ઘણા ઓછા વૈષ્ણવો એ મનોરથનો લાભ લઈ શક્યા. સામાન્ય સ્થિતિના, વૃદ્ધ અને અશક્ત વૈષ્ણવો જઈ શક્યા નહીં. તેમને ભારે વિરહ થયો. કૃપાસાગર શ્રીદાઉજી મહારાજ વૈષ્ણવોનો વિરહ જોઈ ઘણા વ્યથિત થયા. તેમણે વૈષ્ણવોનો વિરહ મટે એવી કૃપા કરી. તેમણે શ્રીનાથજીની ભેટ લેવા જુદા-જુદા પ્રદેશોમાં જનારા ભેટિયાજીઓ દ્વારા જુદા-જુદા પ્રદેશોનાં મુખ્ય મુખ્ય ગામોમાં શ્રીનાથજીનાં ધજાજીને પધરાવવાની વ્યવસ્થા કરી. શ્રીધજાજીનાં દર્શનથી વૈષ્ણવોને પરોક્ષ રીતે શ્રીનાથજીનાં દર્શન અને સેવાનું સુખ આપવાની પરંપરા શ્રીદાઉજી મહારાજે શરૂ કરી. આ પરંપરા લગભગ ૧૭૦ વર્ષથી ચાલી આવે છે.

જ્યાં જ્યાંથી શ્રીધજાજીને પધરાવવાની વિનંતી આવે, ત્યાં ત્યાં શ્રી તિલકાયત મહારાજશ્રીની આજ્ઞાથી શ્રીધજાજી પધારે છે. તેમનાં દર્શન કરવા આસપાસનાં ગામોમાંથી સેંકડો વૈષ્ણવો આવે છે, શ્રીધજાજીને ભોગ ધરે છે, ચરણસ્પર્શ કરી ભેટ ધરે છે, દંડવત અને પરિક્રમા કરે છે. શ્રીધજાજીની સન્મુખ કીર્તન કરે છે, હીંચ-હમચી લે છે. શ્રીધજાજી બે-ત્રણ દિવસ બિરાજે છે. શ્રીનાથજીનો આવો ધ્વજારોહણ મહોત્સવ અવર્ણનીય છે.

સામાન્ય રીતે સં. ૧૮૭૮માં થયેલા છપ્પનભોગ-સમયનાં સફેદ જરીનાં શ્રીધજાજી પધારે છે. શ્વેત વર્ણ શ્રીચંદ્રાવલીજીના ભાવનો છે. શ્રીચંદ્રાવલીજી અન્યપૂર્વા - ગૃહસ્થ ગોપીજન હતાં. તે ચાહે ત્યારે પ્રભુ પાસે દોડી જઈ શકતાં નહીં; તેથી પ્રભુ તેમને સુખદાન કરવા સામા પગલે તેમના ઘેર પધારતા. આ ભાવથી શ્રીધજાજી પધારે છે.

વાર્તા-સાહિત્ય પ્રમાણે એક વ્રજવાસી યુવાન ભેટિયાજી સાથે શ્રીનાથજી સાક્ષાત્ સુરત પધારેલા. શ્રીનાથજી ત્યાં પરેનું નામ ધારણ કરી પધાર્યા હતા. સુરતમાં આજે પણ તે સ્થળે શ્રી પરેનાં બેઠકજી છે. શ્રીનાથજીને ગુજરાત અને ગુજરાતના વૈષ્ણવો માટે ખૂબ પ્રેમ છે; તેથી ગુજરાતના વૈષ્ણવો ઉપર વિશેષ કૃપા કરવા શ્રીનાથજી ધજાજી-સ્વરૂપે વારંવાર ગુજરાતમાં પધારે છે.

ભક્ત ચાહીને ભગવાનનાં દર્શન માટે સામે પગલે જાય તે મર્યાદા છે. ભગવાન ભક્તના વિરહથી વ્યથિત થઈને ભક્તને દર્શન આપવા પોતે સામા પગલે પધારે તે પુષ્ટિ છે. આપણે શ્રીનાથદ્વારા શ્રીનાથજીનાં દર્શન કરવા જઈએ, તે મર્યાદા છે. પરંતુ શ્રીનાથજી સ્વયં શ્રીધજાજી સ્વરૂપે આપણા પ્રદેશમાં અને આપણા ગામ-શહેરમાં પધારે તે પુષ્ટિ છે. આથી, દરેક વૈષ્ણવે શ્રીનાથજીના ધ્વજારોહણ મહોત્સવનો અવશ્ય લાભ લેવો જોઈએ.

શ્રીધ્વજારોહણ મહોત્સવમાં વૈષ્ણવે શું કરવું?

જ્યાં શ્રીનાથજીનાં ધજાજી પધારે, ત્યાં આનંદથી પહોંચી જવું. ધજાજીને મનોરથી વૈષ્ણવના ઘેરથી શોભાયાત્રા રૂપે મનોરથના સ્થળે પધરાવવામાં આવે, ત્યારે પ્રસંગને અનુરૂપ સુંદર મંગલકારી વસ્ત્રો પહેરી, (કાળાં વસ્ત્ર ન જ પહેરવાં) શોભાયાત્રામાં આગ્રહપૂર્વક સામેલ થવું.

શ્રીઠાકોરજી વરરાજા બની શોભાયાત્રારૂપે નંદગામથી બરસાના પધારે છે, એવા ભાવથી જાનૈયા બની, શ્રીધજાજીની શોભાયાત્રામાં જોડાવું.

મનોરથના સ્થળે પૂ.ગો. બાળક દ્વારા શ્રીધજાજીનો ધ્વજારોહણ સમારોહ થાય, તેનાં દર્શન કરવાં. ત્યાંના કાર્યકર્તાઓની સૂચના પ્રમાણે શાન્તિથી લાઇનમાં ઊભાં રહી, પોતાનો વારો આવે ત્યારે શ્રીધજાજીની સન્મુખ જઈ, ચરણસ્પર્શ કરી, યથાશક્તિ ભેટ ધરવી. બે હાથ જોડી વંદન અને દંડવત કરવાં.

શ્રીજીબાવા આપણા મહેમાન બનીને, આપણા આંગણે પધાર્યા છે., તેમની સર્વ રીતે પ્રસન્નતા થાય એમ વર્તવું. મહેમાન સામે દુઃખ ન રડાય. મહેમાન પાસે કશું મંગાય પણ નહીં. મહેમાનને તો વાણી, વિચાર અને વર્તનથી સુખ અપાય અને પ્રસન્ન કરાય. આવા જ ભાવથી શ્રીધજાજી પધારે ત્યારે તેમનાં દર્શન-સેવાનો લાભ લેવો.

શ્રીનાથજીનાં ધજાજીને આપણા ગામમાં પધરાવવાની રીત :

શ્રીનાથજીનાં ધજાજીને આપણા ગામમાં પધરાવવા માટે સૌ પહેલાં શ્રીવલ્લભકુળના બાળકને વિનંતી કરી, તેમની આજ્ઞા લેવી. પછી તેમના દ્વારા પૂ. પા. શ્રીતિલકાયત મહારાજશ્રીને લેખિત વિનંતી કરવી જોઈએ. તે માટે શ્રીનાથદ્વારા જઈને શ્રીનાથજી મંદિરના સમાધાનીજીને મળવું. તેમના માર્ગ-દર્શન પ્રમાણે વિનંતીપત્ર તૈયાર કરીને મોકલવો. તેમની પાસેથી શ્રીધજાજીને પધરાવવા અંગેની સર્વ વ્યવસ્થાના નિયમો જાણી લેવા. તે પ્રમાણે બધી વ્યવસ્થા ગોઠવવી. શ્રીતિલકાયત મહારાજશ્રીની આજ્ઞા પ્રમાણે જ શ્રીધજાજી પધારે છે અને બિરાજે છે.

શ્રીનાથજી આપણું સર્વસ્વ છે. તેઓ ધજાજીરૂપે અનુગ્રહ કરવા પધારે છે, ત્યારે એ મનોરથ દ્વારા શ્રીજીને આપણા હૃદયમાં પધરાવી શકાય; પણ તે માટે હૃદય શુદ્ધ જોઈએ. શુદ્ધ હૃદયમાં જ શ્રીજીનો અલૌકિક અનુભવ થાય છે.

આવાં અદ્‌ભુત સ્વરૂપાત્મક શ્રીનાથજીનાં શ્રીધજાજીનું પ્રતિક્ષણ ચિંતન કરતાં સૌ વૈષ્ણવો ભાવવિભોર થઈ, ગાય છે :

દેખ્યો રી મેં સ્યામ-સ્વરૂપ,
વામ ભુજા ઊંચી કર ગિરિધર, દક્ષિણ કર કટિ ધરત અનૂપ.
દેખ્યો રી૦

મુષ્ટિકા બાંધ અંગુષ્ઠ દિખાવત, સન્મુખ દૃષ્ટિ સુહાઈ,
ચરણકમલ યુગલ સમ ધરકે, કુંજદ્વાર મન ભાઈ.
દેખ્યો રી૦

અતિ રહસ્ય નિકુંજકી લીલા હૃદય સુમિરન કીજે,
'દ્વારકેશ' મન-બચન અગોચર, ચરણકમલ ચિત્ત દીજે.
દેખ્યો રી૦

શ્રી સૂરદાસજીએ પણ ચંદ્રસરોવર પર બિરાજી, શ્રીધજાજીનાં દર્શન કરતાં કરતાં શ્રીનાથજીના સ્વરૂપ-ધ્યાનમાં ખોવાઈ જઈ, નીચેનું પદ ગાયું છે :

હાંરે વહાલો યે હી હમારે શ્રીનાથજી;
હાં રે ભવ-તારણહાર યે હી હમારે શ્રીનાથજી.

દેવ ન યાચૌં દૂસરો મન કિયો હૈ બિચાર. યે હી૦
યોગ-યાગ-યજ્ઞ કો કરે જી; હાં રે
જપ-તપ-તીર્થ અપાર. યે હી૦

સોચ સબ જીયા હૈ ગયો રે,
યહ માની લે મોરાર. યે હી૦

દો અક્ષર 'સૂરદાસ' કહે રે,
ભવસાગર મેં યે સાર. યે હી૦

◆

શ્રીનાથજીનાં સ્તોત્ર-પદો

શ્રી મધુરાષ્ટકમ્

અધરં મધુરં વદનં મધુરં, નયનં મધુરં હસિતં મધુરમ્ ।
હૃદયં મધુરં ગમનં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૧॥

વચનં મધુરં ચરિતં મધુરં, વસનં મધુરં વલિતં મધુરમ્ ।
ચલિતં મધુરં ભ્રમિતં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૨॥

વેણુર્મધુરો રેણુર્મધુરઃ, પાણિર્મધુરઃ પાદૌ મધુરૌ ।
નૃત્યં મધુરં સખ્યં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૩॥

ગીતં મધુરં પીતં મધુરં, ભુક્તં મધુરં સુપ્તં મધુરમ્ ।
રૂપં મધુરં તિલકં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૪॥

કરણં મધુરં તરણં મધુરં, હરણં મધુરં રમણં મધુરમ્ ।
વમિતં મધુરં શમિતં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૫॥

ગુંજા મધુરા માલા મધુરા, યમુના મધુરા વીચી મધુરા ।
સલિલં મધુરં કમલં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૬॥

ગોપી મધુરા લીલા મધુરા, યુક્તં મધુરં ભુક્તં મધુરમ્ ।
દૃષ્ટં મધુરં શિષ્ટં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૭॥

ગોપા મધુરા ગાવો મધુરા, યષ્ટિર્મધુરા સૃષ્ટિર્મધુરા ।
દલિતં મધુરં ફલિતં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૮॥

શ્રી ગિરિરાજધાર્યષ્ટકમ્

ભક્તાભિલાષા ચરિતાનુસારી દુગ્ધાદિચૌર્યેણ યશોવિસારી ।
કુમારિતાનંદિતઘોષનારી મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૧॥

વ્રજાંગનાવૃંદ સદાવિહારી અંગૈર્ગુહાગારતમોપહારી ।
ક્રીડારસાવેશતમોભિસારી મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૨॥

વેણુસ્વનાનંદિતપન્નગારી રસાતલાનૃત્યપદપ્રચારી ।
ક્રીડન્વયસ્યાકૃતિદૈત્યમારી મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૩॥

પુલિંદદારાહિતશંબરારિ રમાસમોદારદયાપ્રકારી ।
ગોવર્ધનેકન્દફલોપહારી મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૪॥

કલિન્દજાકૂલદુકૂલહારી કુમારિકાકામકલાવિતારી ।
વૃન્દાવને ગોધનવૃન્દચારી મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૫॥

વ્રજેન્દ્રસર્વાધિકશર્મકારી મહેન્દ્રગર્વાધિકગર્વહારી ।
વૃન્દાવને કન્દફલોપહારી મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૬॥

મનઃ કલાનાથ તમોવિદારી વંશીરવાકારિતતત્કુમારી ।
રાસોત્સવોદ્વેલ્લ રસાબ્ધિસારી મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૭॥

મત્તદ્વિપોદ્દામગતાનુકારી લુંઠત્પ્રસૂનાપ્રપદીનહારી ।
રામોરસ-સ્પર્શકર પ્રસારી મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી ॥૮॥

શ્રીનંદકુમારાષ્ટકમ્

સુંદરગોપાલં ઉરવનમાલં નયનવિશાલં દુઃખહરં
વૃન્દાવનચંદ્રં આનંદકંદં પરમાનંદં ધરણિધરમ્ ।
વલ્લભઘનશ્યામં પૂર્ણકામં અત્યભિરામં પ્રીતિકરં
ભજ નંદકુમારં સર્વસુખસારં તત્ત્વવિચારં બ્રહ્મપરમ્ ॥૧॥

સુંદરવારિજવદનં નિર્જિતમદનં આનંદસદનં મુકુટધરમ્
ગુંજાકૃતિહારં વિપિનવિહારં પરમોદારં ચીરહરમ્ ।
વલ્લભપટપીતં કૃતઉપવીતં કરનવનીતં વિબુધવરમ્
ભજ નંદકુમારમ્૦ ॥૨॥

શોભિતમુખધૂલં યમુનાકૂલં નિપટઅતુલં સુખદતરં
મુખમંડિતરેણું ચારિતધેનું વાદિતવેણું મધુરસુરં ।
વલ્લભમતિવિમલં શુભપદકમલં નખરુચિઅમલં તિમિરહરં
ભજ નંદકુમારમ્૦ ॥૩॥

શિરમુકુટસુદેશં કુંચિતકેશં નટવરવેશં કામવરં
માયાકૃતમનુજં હલધરઅનુજં પ્રતિહતદનુજં ભારહરં ।
વલ્લભવ્રજપાલં સુભગસુચાલં હિતમનુકાલં ભાવવરં
ભજ નંદકુમારમ્૦ ॥૪॥

ઇન્દીવરભાસં પ્રકટસુરાસં કુસુમવિકાસં વંશિધરં
હૃત(જિત)મન્મથમાનં રૂપનિધાનં કૃતકલગાનં ચિત્તહરમ્ ।
વલ્લભમૃદુહાસં કુંજનિવાસં વિવિધવિલાસં કેલિકરં
ભજ નંદકુમારમ્૦ ॥૫॥

અતિપરપ્રવીણં પાલિતદીનં ભક્તાધીનં કર્મકરં
મોહનમતિધીરં ફણિબલવીરં હતપરવીરં તરલતરમ્ ।
વલ્લભવ્રજરમણં વારિજવદનં જલધરશમનં શૈલધરં
ભજ નંદકુમારમ્૦ ॥૬॥

જલધરદ્યુતિઅં ગંલલિતત્રિભંગં બહુકૃતરંગં રસિકવરં
ગોકુલપરિવારં મદનાકારં કુંજવિહારં ગૂઢતરમ્ ।
વલ્લભવ્રજચંદ્રં સુભગસુછંદં પરમાનંદં ભ્રાન્તિહરં
ભજ નંદકુમારં૦ ॥૭॥

વંદિતપુગચરણં પાવનકરણં જગદુદ્ધરણં વિમલધરં
કાલિયશિરગમનં કૃતફણિનમનં ઘાતિતયમનં મૃદુલતરં ।
વલ્લભદુઃખહરણં નિર્મલચરણં અશરણશરણં મુક્તિકરં
ભજ નંદકુમારમ્૦ ॥૮॥

શ્રીગોવર્ધનધરાષ્ટકમ્

ગોપનારી મુખાંભોજભાસ્કરં વેણુવાદકમ્ ।
રાધિકારસભોક્તારં ગોવર્ધનધરં ભજે ॥૧॥

આભીરનાગરીપ્રાણપ્રિયં સત્યપરાક્રમમ્ ।
સ્વભૃત્યભયભેત્તારં ગોવર્ધનધરં ભજે ॥૨॥

વ્રજસ્ત્રીવિપ્રયોગાગ્નિનિવારકમહર્નિશમ્ ।
મહામરકતસ્યામં ગોવર્ધનધરં ભજે ॥૩॥

નવકુંજનિભાક્ષં ચ, ગોપીજન મનોહરમ્ ।
વનમાલાધરં શશ્વદ્ ગોવર્ધનધરં ભજે ॥૪॥

ભક્તવાંછાકલ્પવૃક્ષં નવનીતપયોમુખમ્ ।
રાસમંડલમધ્યસ્થં ગોવર્ધનધરં ભજે ॥૫॥

અનન્યકૃતહૃદ્ભાવપૂરકં પીતવાસસમ્ ।
રાસમંડલમધ્યસ્થં ગોવર્ધનધરં ભજે ॥૬॥

ધ્વજવજ્રાદિસચ્ચિહ્નરાજચ્ચરણપંકજમ્ ।
શૃંગારરસમર્મજ્ઞ ગોવર્ધનધરં ભજે ॥૭॥

પુરુહૂતમહાવૃષ્ટિનાશકં ગોગણાવૃતં ।
ભક્તનેત્ર ચકોરેન્દું ગોવર્ધનધરં ભજે ॥૮॥

ગોવર્ધનધરાષ્ટક-મિદં યઃ પ્રપઠેત્સુધિઃ ।
સર્વદાનન્યભાવેન સ કૃષ્ણે રતિમાપ્નુયાત્ ॥૯॥

રચિતં ભક્તિલાભાય દ્વારકાનાં સુનૂનામ્ ।
મુક્તિદં સર્વજન્તૂનાં ગોવર્ધનધરાષ્ટકમ્ ॥૧૦॥

વિનંતી

શ્રીમહાપ્રભુજીરા વહાલા શ્રીનાથજી,
વિઠ્ઠલનાથજીરા લાડિલા શ્રીનાથજી;

વલ્લભકુલરા સેવ્ય શ્રીનાથજી, બંસી અધર ધરે મહારાજ.

ગોવર્ધનગિરિ પ્રગટિયા શ્રીજી, આય બિરાજે મેવાડ,
સાત દ્યૌસ ગિરિ ધારિયો, કીન્હીં વ્રજભક્તનરી સહાય.

શ્રીયશોદાજીરા લાડિલા, શ્રીરાધાજીરા પ્રાન-આધાર;
મોરમુકુટ સિર ચન્દ્રિકા, જાકે લાગ્યા હીરામોતી લાલ.

ઘૂંઘરુંવારી અલકાવલિ, પાછે શ્યામ બૈની લહરાય;
કલ કપોલ શ્રુતિનાસિકા, માનો ભ્રકુટિ કામરો દંડ.

ઠોડીમેં હીરા બસે, દોઉં શ્રવનન કુંડલ જોડ;
કંઠાભરન શુભ સોહિયે, નાકે ઉપર ગુજ્જરી માલ.

કેસરિયા જામો બન્યો, તામેં લાલ જરીરી કોર;
બાંહે બાજુબંધ બેરખા વાપે પહોચી રત્ન જડાય.

કટિ પર સોહે મેખલા, તામેં ઘૂઘરુરો ઝિન્કાર;
ચરણકમલ સોભા ઘની, તહાં મુનિમન રહેઉ લુભાય.

હસ્ત લકુટી પગ પોંવરી પ્રભુ ધેનુ ચરાવન જાય;
'અજબકુંવરી'રી વિનતિ, થોં સુનિજો ગોવર્ધનરાય.

કહું એક વાત રે

શ્રીવલ્લભના રસિયા વહાલા શ્રીગોવર્ધનનાથ રે,
આવો ને અલબેલા વહાલા કહું એક વાત રે. ટેક

પ્રીતલડી મેં કીધી વહાલા, વહાલા તમ સાથ રે,
પ્રીતલડીને પાશે મારા પ્રાણ બંધાયા નાથ રે.

દુરા ના રહીએ રે મારા દીનબંધુ શ્રીનાથ રે,
શ્રીવલ્લભપ્રભુએ તુલસી આપી મેળવ્યા છે હાથ રે.

સાચો સંબંધ કીધો મારા ચતુર સુજાણ રે,
મોહનજીની મોરલીએ કાંઈ માર્યાં મોહનાં બાણ રે.

પ્રભુજી પાતળિયા વહાલા આવરું ના કીજે રે,
'વ્રજસખી'ની દાસી તેહને બોલાવીને લીજે રે.

મારા મંદિરે આવો રે

શ્રીવલ્લભકુળના વહાલા મારે મંદિરે આવો રે;
સુંદરવર ગિરિધારી મારાં મનડાં મનાવો રે.૧

તુમ સંગાથે નાથ મેં તો પ્રીતલડી બાંધી રે,
શામળિયા સનેહી તારી સાધના સાધી રે. ૨

વહાલ ધરી વહાલા તને મળવા ઇચ્છું રે,
પુરુષોત્તમ પાતળિયા પાખે કાંઈ નવ પ્રીછું રે. ૩

ગિરિધારી ગુણવંત વિના કોઈ ના ભાવે રે,
તે જાણે છે વહાલો મ્હારો ચિત્ત એવું આવે રે. ૪

બહુ વચન તેને કહિયે સમજે નહીં સંકેત રે,
મોહન મારા મનના માન્યા જાણો સહુ હેત રે.. ૫

ગોવિંદની સાથે અમે એમ વરુધ્યાં રે,
'વ્રજસખી'ને મન વસિયા કૃતારથ કીધાં રે. ૬

નાના સરખા શ્રીનાથજી

નાના સરખા શ્રીનાથજી નાના નાના રે હાથ,
નાની લકુટી કર ગ્રહી સુંદર દીસો છો નાથ. ટેક

નાના સરખા ગોવાળિયા, નાની સરખી ગાય,
માથે શીંગડી રે શોભતી ગૌધેન ચરાવાને જાય. નાના.

નાની બંસી રે કર ગ્રહી, હર્યાં ગોપીનાં મન.
રૂડો નંદજીનો લાડલો રૂડું શ્રીવૃન્દાવન. નાના.

નાનીસરખી રે મોજડી નાના સરખા પાય,
પાયે રણઝણ ઘૂઘરી અણવટ વીછુવા સાર. નાના

પ્રભુના મુખ પર મોરલી વાઈ વેણ રસાળ,
શબ્દે મોહી રે ગોપિકા રોતાં મેલ્યાં છે બાળ. નાના.

કાલિંદીને કાંઠડે પ્રભુ ઊભા વગાડો છો વેણ,
જાવા દો ને રે જાદવા કે વ્રજમાં થાશે પોકાર. નાના.

આંગળી સાહીને હરિ તાણશો મારું ધ્રૂજે અંગ,
સઘળી ગોપિકા આવશે તમને ઘેરશે મહારાજ. નાના.

કે બંસીબટના ચોકમાં ઊભા વગાડો છો વેણ,
'માધવદાસ'ની વિનતિ આપો શ્રીવ્રજમાં વાસ. નાના.

શ્રીનાથજીનું સ્વરૂપ

વાંકે અંબોડે શ્રીનાથજી રે, સુંદર શ્યામ સ્વરૂપ,
શ્રીવલ્લભસુત સેવા કરે, શ્રીગોકુળના ભૂપ. ૧

પાઘ બાંધે જરકસી તણી રે, સુંદર વાઘા સાર,
પટકા છે પચરંગના સજિયા, તે સોળે શૃંગાર. ૨

કેસરી તિલક કપાળમાં, નાસિકા વિશ્વાધાર,
ચિબુકની અતિ કાંતિ છે, કંઠે મોતીના હાર. ૩

બાંહે બાજુબંધ બેરખા, એના ખીટલિયાળા કેશ,
જોયા ને વળી જોઈશું, એનો પાર ન પામે શેષ. ૪

ડાબા હાથે ગિરિવર ધર્યો, જેમણે કટિ મુષ્ટ,
અધરબિંબ એ રસિક છે, ઝળકે તે જોત પ્રકાશ. પં

હડપચીએ હીરો ઝગમગે, તેજ તણો નહિ પાર,
દરશન દ્યો શ્રીનાથજી, હૈડાં તે ટાઢાં થાય. ૬

શ્રીગિરિધરજી ને ગોવિંદરાયજી, સેવા કરવા જાય,
સેવા કરે શ્રીનાથજીની, હૈડે હરખ ન માય. ૭

પાવલે ઘૂઘરી રણઝણે, મોજડીએ મોતીના હાર,
જુગજુગ જીવો વાલમા, બલિહારી વ્રજની નાર. ૮

'માધવદાસ' માગે મને માગ્યું આપો મહારાજ,
કર જોડીને કરું વિનતી આપો શ્રીગોકુલમાં વાસ. ૯

શ્રીજી દર્શનની તત્પરતા

ચાલો તો શ્રીજી જઈએ રે, શ્રીમુખ સુંદર જોવાને;
આવો તો તત્પર થઈએ રે, શ્રીમુખ સુંદર જોવાને. ૧

મને ઘરમાં લાગે ઘેલું રે, શ્રીમુખ...
હું તો કાંઈ ન સમજું પહેલું રે, શ્રીમુખ... ૨

હું તો ઘરનો ધંધો ભૂલી રે, શ્રીમુખ...
હું તો અંગોઅંગે ફૂલી રે, શ્રીમુખ... ૩

મને ભૂખે ભોજન નવ ભાવે રે, શ્રીમુખ....
સેજડીએ નિંદ ન આવે રે, શ્રીમુખ... ૪

મારા મનમાં મન્મથ વસિયા રે, શ્રીમુખ...
કામ સકામે ધસિયા રે, શ્રીમુખ... ૫

મુરલીમાં કામણ કીધાં રે, શ્રીમુખ...
મારાં મન હરીને લીધાં રે, શ્રીમુખ.... ૬

કોઈ નંદજીનો લાલ મિલાવો રે, શ્રીમુખ...
જશોદાજીના પ્રાણ આધાર રે, શ્રીમુખ.... ૭

એવા ' રસિકરાય' ગિરિધારી રે, શ્રીમુખ...
દાસનો દાસ જાય બલિહારી રે, શ્રીમુખ.... ૮

સાચા સગા

સાચા સગા છો શ્રીનાથજી સોહાગી મારે,
સાચા સગા છો શ્રીનાથજી. ટેક

બીજુ સગું તે સૌ મુખથી કહેવાનું,
દુઃખમાં નહીં આવે કોઈ સાથ જી.

અખિલ બ્રહ્માંડના ઈશ છે એ મહાપ્રભુ,
જગતની દોરી છે જેને હાથ જી. ૧

એ પ્રભુ છોડી બીજે જ્યાં જાઓ,
ત્યાં છે ધુમાડા બાથ જી.

'ગોપાલલાલ' એમના ચરણમાં જવાને,
શરણ પડ્યો છું અનાથ જી. ૨

શ્રીનાથજીનું દર્શન

શ્રીનાથજીનું વદનકમળ જોયું,
જેણે એક વાર શ્રીનાથજીનું વદનકમળ જોયું,

કોટિ કલ્પનું મેલું થયેલું મન,
એક પલકમાં ધોયું. જેણે. ૧

મનુષ્યદેહ ધર્યો તેનો સફળ છે,
જન્મમરણ દુઃખ ખોયું. જેણે. ૨

મેવાડદેશમાં બિરાજે મારો વાલમો,
શેષશંકર ચિત્ત પ્રોયું. જેણે. ૩

કમળચૉક રત્નચૉક જગમોહન જોયું,
રળ્યો એક બાકી સર્વે ખોયું. જેણે. ૪

'દયા'ના પ્રીતમજી-શુ પ્રીત નથી જેને,
માત-પિતા નામને વગોવ્યું. જેણે. ૫

શ્રીનાથજીનાં દર્શન

શ્રીજી મેરા ઐસા રસિયા, મુઝે બુલાવે ઘરી ઘરી;
મોર-મુકુટ પીતાંબર સોહે, બંસી બજાવે વ્હાલો તાનભરી. શ્રીજી.

સબ સખિયનમેં રાસ રચ્યો હૈ, દરશન દે વ્હાલો ઘડી ઘડી. શ્રીજી.
દૌડ દૌડ દરસનકો જાવે, ઝાપટ લાગે તડાતડી. શ્રીજી.

ચાર ચૉકકો મંદિર બનાયો, આપ બિરાજે વ્હાલો છપર તરી. શ્રીજી.
'નંદદાસ' પ્રભુકી છબિ નિરખત, શ્રીજી કે ચરનમેં જાય પરી. શ્રીજી.

વિનંતી

મેરે શ્રીનાથજી પ્યારે દગન તેં હો જુ મત ન્યારે. ટેક

દયા કરિ દરસ મોય દીજે, કૃપા કરિ આપકો કીજે;
ગલે જામા દદામીકા, કમર પટકા બદામીકા, મેરે.૧

સુરંગી પાઘ શિર સોહે લસત વનમાલ મન મોહે;
લગી કોઈ કાનપેં દૂતી, તજી મોય સેજમેં સૂતી. મેરે. ૨

મેરા દિલ લે ગયા આલી લગી તનમેં તાલાવેલી;
મત ભૂલ દેખા તન ગોરા, જગતમેં જીવન થોરા. મેરે. ૩

કઠિન હૈ મોહકી જ્વાલા વહે જાતા હૈ સંસારા;
સદા 'વ્રજાધીશજી' ગાવે છબિ પર વારને જાવે. મેરે. ૪

શ્રીનાથજીની ધ્વનિ

મથુરામાં શ્રીનાથજી, ગોકુળમાં શ્રીનાથજી,
યમુનાને કાંઠે રમતા, રંગીલા શ્રીનાથજી. ૧

રંગીલા શ્રીનાથજી, અલબેલા શ્રીનાથજી,
વલ્લભકુળના વ્હાલા, બોલો રંગીલા શ્રીનાથજી. ૨

મધુવનમાં શ્રીનાથજી, કુંજનમાં શ્રીનાથજી,
વૃન્દાવનમાં રાસ રમંતા, રંગીલા શ્રીનાથજી. ૩

નંદગામ શ્રીનાથજી બરસાને શ્રીનાથજી,
કામવનમાં ક્રીડા કરતા, રંગીલા શ્રીનાથજી. ૪

દાનગઢ શ્રીનાથજી માનગઢ શ્રીનાથજી,
સાંકડીખોરે ગોરસ ખાતા, રંગીલા શ્રીનાથજી. ૫

સંકેતમાં શ્રીનાથજી, વનવનમાં શ્રીનાથજી,
ગહ્વર વનમાં રાસ રમતા, રંગીલા શ્રીનાથજી. ૬

ગોવર્ધનમાં શ્રીનાથજી મારગમાં શ્રીનાથજી,
માનસીગંગામાં મન હરતા, રંગીલા શ્રીનાથજી. ૭

રાધાકુંડ શ્રીનાથજી, કૃષ્ણકુંડ શ્રીનાથજી,
ચંદ્રસરોવર ચોકે રમતા, રંગીલા શ્રીનાથજી. ૮

વૃક્ષ વૃક્ષ શ્રીનાથજી, ડાળડાળ શ્રીનાથજી,
પત્રપત્ર ને પુષ્પે રમતા, રંગીલા શ્રીનાથજી. ૯

આન્યોરમાં શ્રીનાથજી, ગોવિંદકુંડ શ્રીનાથજી,
અપ્સરાકુંડે આનંદ કરતા, રંગીલા શ્રીનાથજી. ૧૦

ગલીગલી શ્રીનાથજી, કુંજકુંજ શ્રીનાથજી,
સુરભિકુંડે સ્નાન કરંતા, રંગીલા શ્રીનાથજી. ૧૧

મંદિરમાં શ્રીનાથજી, પર્વત પર શ્રીનાથજી,
જતિપુરમાં પ્રકટ બિરાજે, રંગીલા શ્રીનાથજી. ૧૨

બિલછૂવને શ્રીનાથજી, કુસુમખોર શ્રીનાથજી,
શ્યામ ઢાકમાં છાક આરોગે, રંગીલા શ્રીનાથજી. ૧૩

રુદ્રકુંડ શ્રીનાથજી, હરજીકુંડ શ્રીનાથજી,
કદમખંડીમાં ક્રીડા કરતા, રંગીલા શ્રીનાથજી. ૧૪

ગામગામ શ્રીનાથજી, ઠામઠામ શ્રીનાથજી,
ગુલાલકુંડે હોળી રમતા, રંગીલા શ્રીનાથજી. ૧૫

નવલકુંડ શ્રીનાથજી, રમણકુંજ શ્રીનાથજી,
વ્રજવાસીના વહાલા બોલો, રંગીલા શ્રીનાથજી. ૧૬



શ્રીમહાપ્રભુજી



શ્રીયમુનાજી



શ્રીનાથજીનાં ધજાજી